# Telephone Conversation between Foreign Secretary and Secretary General, European External Action Service, European Union

November 16, 2021

# વિદેશ સચિવ અને સેક્રેટરી જનરલ, યુરોપિયન એક્સટર્નલ એક્શન સર્વિસ, યુરોપિયન યુનિયન વચ્ચે ટેલિફોન વાતચીત

નવેમ્બર 16, 2021

વિદેશ સચિવ હર્ષ વર્ધન શ્રિંગલાએ યુરોપિયન યુનિયનની યુરોપિયન એક્સટર્નલ એક્શન સર્વિસ (ઈઈએએસ)ના સેક્રેટરી જનરલ શ્રી સ્ટોફ્નો સેનિનો સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

2. તેમણે અફઘાનિસ્તાનમાં વિકાસ અને પ્રાથમિકતાઓ અંગે ભારત અને ઈયુના સામાન્ય વલણની ચર્ચા કરી હતી. બંને પક્ષોએ એ બાબત પર ભાર મૂક્યો હતો કે અફઘાનિસ્તાનને ત્રાસવાદનો બેઝ બનવા દેવો ન જોઈએ. તેમણે અફઘાનિસ્તાનમાં મહિલાઓ, બાળકો અને લઘુમતીની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત તાજેતરમાં અફઘાનિસ્તાન અંગે યોજાયેલ દિલ્હી રિજનલ સિક્યોરિટી ડાયલોગ અને તેના દિલ્હી ઘોષણાની પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. વિદેશ સચિવ અને સેક્રેટરી જનરલે મ્યાનમારની ઘટનાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ બેલારુસ-પોલેન્ડ સરહદ પર ચાલી રહેલી સ્થિતિ અંગે પણ ચર્ચા કરી. બંને પક્ષો પરિસ્થિતિને શાંત પાડવાની અને વહેલા ઉકેલ પર પહોંચવાની જરૂરિયાત પર સંમત થયા હતા.

4. પરસ્પર હિતના મુદ્દાઓ પર વિદેશ સચિવ અને મહાસચિવના સ્તરે સામયિક આદાનપ્રદાન ચાલુ રાખવા પર સહમતિ સધાઈ હતી.

**નવી દિલ્હી**
**નવેમ્બર 16, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.